सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫/૦૩/૨૦૨૫ | | |
| રજુ તારીખ | ૦૫/૦૩/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | મહીનો | દિવસ |
| | ૦૧ | ૦૦ | ૦૧ |

**દેવગઢ બારીઆના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી**
**(એસ.આર.વકીલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. દેવગઢ બારીઆ**

**ક્રિમીનલ કેસ નં. ૯૩૬/૨૦૨૫**

**આંકઃ–૧૫**

**ફરીયાદીઃઃ–** **શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઃઃ–** **સનાભાઈ રસનભાઈ ભુરીયા,**
**રહે. મોટીહાંડી ધામનખોબરા ફળીયું,**
**તા. ઝાલોદ, જિ. દાહોદ.**

**એડવોકેટઃઃ–** ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એસ. એમ. ડામોર
આરોપી તરફે વિ.વ.શ્રી. વિ.એન.કોળી

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૧ મુજબ.**

**–//જજમેન્ટ//–**

(૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૩૦ વાગે મોજે પીપલોદ ગામે માતાના વડ પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની ટ્રક કે જેનો રજી. નં. જી.જે–૦૯–વાય–૯૧૯૨ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીએ સદર બનાવ અંગેની ફરીયાદ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

(૦૨) ફરીયાદીની સદર ફરીયાદ પીપલોદ પોલીસ સ્ટેશને પાર્ટ બી ગુના રજીસ્ટર નંબર ૧૧૮૨૧૦૫૨૨૫૦૨૧૦/૨૦૨૫ થી નોંધી આ ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને

તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીની શરીર સ્થિતિનું પંચનામું તથા સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે ટુંકમાં બી. એન. એસ. તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૮૧ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૦૩) આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ.–૨૦૨૩ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૩૧ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૨૭૪, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેની સમક્ષનાં ગુનાનો ઈન્કાર કરતાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરીયાદ પક્ષ તર્ફે પુરાવા રજુ માટે રાખવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવતાં આ કામે ફરીયાદપક્ષ તર્ફે આ કામનાં આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલા છે.

**–//મૌખિક પુરાવા//–**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ યોગેશભાઈ દશરથલાલ લાલપુરીયાનાઓની જુબાની | ૦૫ |
| ૨ | પંચસાહેદ ખિલનકુમાર યોગેશકુમાર લાલપુરીયાનાઓની જુબાની | ૦૭ |
| ૩ | ત.ક.અ. ચંદ્રકાંતભાઈ લક્ષ્મણભાઈનાઓની જુબાની | ૧૩ |

**–//દસ્તાવેજી પુરાવા//–**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | આરોપીનું શરીર સ્થિતિનું પંચનામુ | ૦૬ |
| ૨ | ફરિયાદ | ૧૪ |

(૦૪) ફરીયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ભારતીય નાગરીક

S.R.Vakil
JMFC, Devgadh Baria

સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૦૫) ફરીયાદપક્ષ તર્ફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિંદ્વાન વકીલશ્રી દ્વારા કરવામા આવેલ દલીલો તથા રજૂ થયેલ પુરાવાઓ વંચાણે લેતા આ ફરીયાદનાં નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

**-:: મુદ્દા ::-**

૧ શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૨૦/૦૨/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૩૦ વાગે મોજે પીપલોદ ગામે માતાના વડ પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની ટ્રક કે જેનો રજી. નં. જી.જે-૦૯-વાય-૯૧૯૨ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨ શું હુકમ?

(૦૬) ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧ નકારમાં.

૨ આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

(૦૭) આ કામે આરોપી સામે બી. એન. એસ.ની કલમ-૨૮૧ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. જેની સાબિતી માટે ફરીયાદ પક્ષે કુલ ૦૩ સાહેદોને તપાસવામાં આવેલ છે. બી. એન. એસ.ની કલમ-૨૮૧ ની સાબિતી માટે ફરીયાદ પક્ષે આ કામના આરોપી પોતાનું વાહન બેદરકારીપુર્વક અને ગફલતભરી રીતે ચલાવતાં હતાં તેવું સાબિત કરવાનું રહે છે.

(૦૮) હવે, હાથ ઉપરના કેસના તથ્યો તરફ વળીએ તો આ કામના ફરીયાદીએ એ મુજબનો આક્ષેપ કરેલ છે કે આ કામના આરોપીએ બનાવવાળી જગ્યા, સમય અને સ્થળે પોતાના કબજાની ટ્રક કે જેનો રજી. નં. જી.જે-૦૯-વાય-૯૧૯૨ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં રાહદારીઓની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે બાબતે રેકર્ડ ઉપર રજુ ત.ક.અ. તથા પંચસાહેદોની જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ કર્મચારી છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો

પંચનામાને સમર્થન કરેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ ત.ક.અ. પોલીસ કર્મચારી હોય તેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ સદર કામે આંક-૧૩ થી તપાસેલ ત.ક.અ. ચંદ્રકાંતભાઈ લક્ષ્મણભાઈ તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે આ કામે આરોપીને અટક કરી ચાર્જશીટ કરેલ છે તે સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સબંધી મને કોઈ જાતની માહીતી નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની મે કોઈ મુલાકાત લીધેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદમા સ્પીડનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ સ્પીડ લીમીટનું બોર્ડ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામઠામ જણાવેલ નથી. આમ, ત.ક.અ. ની જુબાની પરથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે પરંતુ આરોપી પોતાના કબજાના વાહનને ગફલતભરી રીતે ચલાવતાં હોય તે બાબત સાબિત થતી નથી અને તેથી ત.ક.અ. તથા પંચસાહેદોની જુબાની ઉપરથી આરોપી સામેના આક્ષેપો શંકાથી પર સાબિત થતાં હોય તેવું જણાય આવતું ન હોય ત્યારે રજુ થયેલ પંચનામા અને ફરીયાદના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

(૦૯) આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરીયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આ કામના **આરોપીને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૮૧ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ : દેવગઢ બારીઆ.**
**તારીખ: ૦૬/૦૩/૨૦૨૬**

**(સેતુલ રણછોડભાઇ વકીલ)**
**જજ કોડ નં. જી.જે. ૦૧૫૩૭**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**

S.R.Vakil
JMFC, Devgadh Baria